જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૬/૨૦૨૦ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૯૨૬/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૮/૦૬/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૮૫૦૨ | ૪ | ૮૫૦૬ | ૧૪૬૧૧ | ૪ | ૧૪૬૧૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૨૨૫ | ૧ | ૪૨૨૬ | ૫૭૩૮ | ૧ | ૫૭૩૯ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૨૯ | ૦ | ૨૯ | ૧૯૯ | ૦ | ૧૯૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૭૫૧૦ | ૩૩ | ૭૫૪૩ | ૮૫૪૦ | ૨૩ | ૮૫૬૩ |
| કુલ | | ૨૦૨૬૬ | ૩૮ | ૨૦૩૦૪ | ૨૯૦૮૮ | ૨૮ | ૨૯૧૧૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૧૦ | ૩૧,૮૦૦/- |

# કોરોના વાયરસ સંક્રમણ નિયંત્રણ સંદર્ભમાં રાખવામાં આવેલ બંદોબસ્ત દરમ્યાન અમદાવાદ શહેર પોલીસના અવસાન પામેલ (કોરોના વોરીયર્સ) પોલીસ કર્મચારીઓના આશ્રીતોને સરકારશ્રીએ નિયત કરેલ આર્થિક સહાય મુજબ મે.પોલીસ કમિશનરશ્રીના હસ્તે રૂ.૨૫,૦૦,૦૦૦/- (રૂપિયા પચ્ચીસ લાખ)ની રકમના ચેક અર્પણ.

અમદાવાદ શહેરમાં કોરોના વાયરસ નિયંત્રણ સંક્રમણ સંદર્ભમાં સરકારશ્રી દ્વારા જાહેર કરેલ લોકડાઉનની ચુસ્તપણે અમલવારી થાય તે માટે શહેર પોલીસ દ્વારા સઘન પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવેલ આ દરમ્યાન સદર બંદોબસ્તમાં રોકાયેલ (૧) મર્હુમ અનાર્મ હેકો ભરતસિંહ સોમાજી ઠાકોર, રહે, સી/૫૧, નંદીગ્રામ સોસાયટી, નોબલનગર, સરદારનગર, અમદાવાદ શહેર, નોકરી-કૃષ્ણનગર પો.સ્ટે, અમદાવાદ શહેર તથા (૨) મર્હુમ આર્મ મસઈ ગોવિંદભાઇ બી.દાતણીયા, રહે, નવી વડવાળી પોળ, શાહપુર, અમદાવાદ નોકરી- એફ-૪ કંપની, પોલીસ મુખ્ય મથક, અમદાવાદ શહેર નાઓને કોરોના સંક્રમણ થતાં કોરોના સામેની લડતમાં દુ:ખદ અવસાન થયેલ. આ સબંધે તાજેતરના સરકારશ્રી દ્વારા કોરોના વાયરસના કારણે મરણ જનાર બંન્ને કર્મચારીઓ માટે નિયત કરેલ આર્થિક સહાય રૂ.૨૫,૦૦,૦૦૦/- ફાળવણી થતાં આજરોજ તા.૦૯/૦૬/૨૦૨૦ ના રોજ મર્હુમ કર્મચારીઓના કાયદેસરના વારસદાર (આશ્રીતો) ને પોલીસ કમિશનરની કચેરી ખાતે સન્માન પુર્વક પોલીસ કમિશનરશ્રીના હસ્તે ચેક અર્પણ કરવામાં આવ્યા.





# અજાણ્યા વ્યક્તિના નામની ચિઠ્ઠી લખી પૈસાની માંગણી કરવાના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમ બ્રાન્ચ -**

## સેટેલાઈટ વિસ્તારમાં ચારેક દિવસ પહેલા અજાણ્યા નામથી ચીઠ્ઠી લખી રૂપિયા વીસ લાખની માંગણી કરતા અજાણ્યા આરોપીને પકડી પાડી ગુનાનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર, ક્રાઇમ બ્રાન્ચ

ગઈ તા.૦૪/૦૬/૨૦૨૦ ના રોજ સેટેલાઈટ સત્યાગ્રહ છાવણી વિસ્તારમાં એક બંગલા આગળ એક હાથથી લખેલ ચિઠ્ઠીમાં પોતાનુ નામ સુમીત જણાવી રૂપિયા વીસ લાખની માંગણી કરી રૂપિયા નહિ આપો તો બહેન દિકરીઓના રેપ કરવાની અને નક્સલવાદીઓ દ્વારા જાનથી મારી નાખવાની ધમકીઓ આપતી ચીઠ્ઠી મળી આવેલ, જે અંગે ભોગ બનનાર ડરી જતા ખાસ પોલીસ કમિશ્નર શ્રી, ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેરનાઓને રજુઆત કરેલ

ઉપરોક્ત બનેલ બનાવની ગંભીર નોંધ લઈ ભેદ ઉકેલવા સારૂ અને અજાણ્યા ચીઠ્ઠી લખનાર ઈસમને ત્વરિત પકડી પાડવા સારૂ ખાસ પોલીસ કમિશ્નર શ્રી અજય કુમાર તોમર સાહેબે સુચના કરતા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ ઉપરોક્ત બનાવ શોધી કાઢવા સારુ મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બી.વી. ગોહિલ સાહેબની આગેવાની હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કોડ-૧ ના પોલીસ ઈન્સપેક્ટર શ્રી એન.આર.બ્રહ્મભટ્ટ સાહેબ નાઓએ ટેકનીકલ સર્વેલન્સની મદદથી તેમજ ખાનગી બાતમી દારો તેમજ અન્ય સોર્સીસ મારફતે આ ભેદ ઉકેલવા સારૂ ટીમ બનાવી ખંતપુર્વક મહેનત કરતા ચીઠ્ઠી લખનાર અનુપ સ/ઓ દેવનાથ તુલસીરામ ગજભીયે હાલ રહે. રામદેવ ચાની કિટલી ઉપર બોપલ બ્રીજના છેડે અમદાવાદ શહેર મુળ વતન દિલીપનગર જરીપટકા, મુસ્લીમ કબ્રસ્તાન, નાગપુર તથા મ.નં. ૩૫૮, વિવેકાનંદ કોલોની થાના ભંડારા મહારાષ્ટ્રનાને શોધી કાઢી પ્રાથમીક પુછપરછ કરતા જાણવા મળેલ કે પોતે અગાઉ નોકરી કરતો હોય જેમા સહકર્મચારી સાથે બોલાચાલી તકરાર થતી હોય જેના કારણે નોકરી છુટી ગયેલ હતી જેનો બદલો લેવા સારૂ તેના નામ તથા નંબરની ચીઠ્ઠી લખી કોઈ વેપારી/સારા નાગરીકના ઘરે નાખી દેવાની યોજના કરેલ હતી, હાલ પકડાયેલ ઈસમને વધુ તપાસ થવા સારૂ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે સોંપવા તજવીજ હાથ ધરેલ છે.

# <u>માસ્ક વિતરણ</u>

## વેજલપુર પોલીસ સ્ટેશન :-

વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં વેજલપુર પોલીસ દ્વારા માઈક્રો કન્ટેન્મેન્ટ વિસ્તારમાં માસ્કનુ વિતરણ કરવામાં આવ્યુ.










## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૨૭/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી, ૨૫૩ લીટર દેશી દારૂ અને ૩૫ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૧૪,૫૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૨૮/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૯૨૯/૨૦૨૦

**નારોલઃ** વિવેક સ/ઓ મોજીલાલ કુમાર (રહે. સાગર સમ્રાટ એપાર્ટમેન્ટ રેડીયોમિર્ચી રોડ જીવરાજ પાર્ક) એ તા.૦૮/૦૬/૨૦૨૦ નારોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જાન્યુઆરી/૨૦૨૦ થી તા.૦૭/૦૬/૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આઇ.ઓ.સી.એલ વિરમગામ થી બરોડા રીફાઇનરીમાં જતી મેઇન ક્રુડ ઓઇલ પાઇપલાઇનમાં જેતલપુર શક્તિ કંટ્રકશન & રોડ બિલ્ડર્સના કંપાઉન્ડની જમીનમાં નાંખેલ મેઇન પાઇપમાં ૨ ઇંચનો હોલ પાડીને ભંગાણ કરી તેમાં વાલ્વ નાખી ઉત્તરની દિવાલ નીચેથી પાઇપ લઇ બાજુમાં ઉત્તરે આવેલ જગદીશ રાઇસ મીલના પાછળના કંપાઉન્ડમાં થઇ તેની દિવાલ વટાવી તેમાં થઇ ઉત્તરે બીજું કંપાઉન્ડ બંસીબાઇ કાબરાનું આવેલ છે, તેની દિવાલથી બહાર આશરે ૭૦ મીટર જેટલી અંડરગ્રાઉન્ડ પાઇપલાઇન નાંખી તેમાં આ પાઇપ લાઇનમાં મોઢીયે રબ્બરની મોટી પાઇપનો વાલ્વ લગાવી વાલ્વ નાંખી અજાણી વ્યક્તિએ ક્રુડ ઓઇલ આશરે ૬૭,૦૦૦ લિટર કિમત રૂપિયા ૧૩,૪૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એ.ગોહિલ ચલાવે છે.

## સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૯૩૦/૨૦૨૦

**ચાંદખેડાઃ** અવધેશકુમાર બૈજનાથ પ્રસાદ (ઉ.વ.૫૩) (રહે. શિવમ બંગ્લોઝ સીગનોર રેસીડન્સીની બાજુમા મોટેરા ચાંદખેડા) તા.૦૮/૦૬/૨૦૨૦ કલાક ૬/૩૦ વાગ્યાના સુમારે રહેણાંકની સોસાયટીના દરવાજા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે નંબર પ્લેટ વગરની સફેદ રંગની હુંડાઈ ઈયોન કારમાં આવેલ માસ્ક પહેરેલ તેમજ બે પૈકી એક પુરૂષે શરીરે સફેદ કલરની ભભુતી લગાડેલ હતી જેઓ એ કાર નજીક લાવી અવધેશકુમારના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૭,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અવધેશકુમાર પ્રસાદે ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

**સરદારનગરઃ** મમતાબહેન વા/ઓફ વિનિતભાઇ ઇન્દ્રેકર (ઉ.વ.૨૮) (રહે. "એફ" વોર્ડ લીલાશા ડેકોરેશન પાછળ કુબેરનગર સરદારનગર) તા.૦૮/૦૬/૨૦૨૦ સવારના ૯/૧૫ વાગ્યાના સુમારે કુબેરનગર ઇ વોર્ડ નહેરૂ ચિલ્ડ્રન પાર્ક યુવા ગિફ્ટની ગલી નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મમતાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મમતાબહેન ઈન્દ્રેકર એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.ઢોડીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૩૧/૨૦૨૦**

**વાસણાઃ** કૃપાલીબહેન વિપુલભાઇ ત્રિવેદી (ઉ.વ.૪૨) (રહે. વિશ્રામ એપાર્ટમેન્ટ આર.સી.પટેલ સ્કુલની બાજુમા વાસણા) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૬/૨૦૨૦ સાજના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.પરમાર ચલાવે છે.

**પાલડીઃ** પાલુબહેન પ્રેમજીભાઇ ચાવડા (ઉ.વ.૬૪) (રહે. સુખીપુરાના છાપરાં હિરાબાગ રેલવે ક્રોસીંગ પાસે મુક્તા એપાર્ટમેન્ટ સામે પાલડી) એ બિમારીથી કંટાળી તા.૨૪/૦૫/૨૦૨૦ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરવાની કોશિશ કરતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૮/૦૬/૨૦૨૦ કલાક ૮/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રકાશસિહ બબજી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી